ગુજરાતમિત્ર

email: citypulse@gujaratmitra.in

CITY પલ્સ


શુક્રવાર ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬



# સુરતના યુનિક કૃષ્ણધામોની અનોખી વાતો

**સુરત માત્ર વેપારી નગરી તરીકે જ નહીં પણ ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાની દ્રષ્ટિએ પણ આગવું સ્થાન ધરાવે છે. સુરત સિટીમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા પ્રાચીન મંદિરો પણ છે. તેમની લોકવાયકાઓ પણ છે. આજે જન્માષ્ટમી નિમિત્તે આપણે સુરત સિટીના એવા કૃષ્ણ મંદિરો વિશે જાણીએ જ્યા ઠાકોરજી પૂજાય જે ભગવાન શ્રીકૃષ્ણનું બાળ સ્વરૂપ છે. આ મંદિરોમાં ઠાકોરજીની વિવિધ પ્રકારે સેવાઓ થતી હોય છે. આ મંદિરોમાં ઠાકોરજી કેટલા વર્ષોથી બિરાજમાન છે. જન્માષ્ટમી પર શું વિશેષ થતું હોય છે તેની પર પણ આપણે નજર કરીએ.....**

## ગોપીપુરામાં ગુસાઈજીની બેઠકજી ન્યાયની બેઠકજી તરીકે ઓળખાય છે



પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના સ્થાપક શ્રી વલ્લભાચાર્યજીના બે સંતાન શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી હતાં. શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાઈજી તરીકે પ્રખ્યાત થયા અને તેમની બેઠકજીજી સુરતમાં લીમડીકુઈ, ગોપીપુરમાં છે. આ બેઠકજી ન્યાયની બેઠકજી શા માટે કહેવાય છે તે જાણીએ. તો 450 વર્ષ પહેલાં મોગલ બાદશાહ અકબરનું રાજ હતું. તેમના સુબા સુરતમાં હતાં. ત્યારે સુરતના એક શાહુકારની પુત્રવધુ પર સુબાના નોકરનું દિલ આવી ગયું હતું. તેણે શાહુકારની પુત્રવધુ સમક્ષ કહ્યું હું તને પ્રેમ કરું છું અને તારી સાથે લગ્ન કરવા માગું છું. ગુસ્સામાં પુત્રવધુએ તે નોકરને તમાચા મારી દીધા. નોકરે પછી એક ષડયંત્ર રચી વેશ્યાની દીકરીને ખરીદી લીધી અને શાહુકારના ઘર પાસે ઉભી રાખી અને સુબાને કહ્યું શાહુકારની વહુ મારી સાથે લગ્ન કરવા માંગે છે તે તેના ઘર પાસે જ છે તમે બોલાવીને પૂછી લો. સુબાએ ઘર પાસે ઊભેલી સ્ત્રી કે જે હકીકતમાં વેશ્યાની પુત્રી હતી તેને બોલાવી પાકુ લખાણ કરાવી લીધું. થોડા દિવસ બાદ નોકર સુબા પાસે ગયો અને કહ્યું શાહુકારની વહુ પાછી તેના ઘરે જતી રહી છે. સુબાએ વહુને પકડી લાવવા હુકમ કર્યો ત્યારે શાહુકારે જણાવ્યું મારી વહુ ઘરમાંથી બહાર નીકળી નથી અને અમે આ વાતથી અજાણ છીએ. બધા ન્યાય માટે બાદશાહ અકબર પાસે દિલ્હી ગયા પરંતુ બાદશાહે નોકરની તરફેણમાં ફેસલો કર્યો. ત્યારે વહુ મોટેથી રડવા લાગી અને વિનંતી કરવા લાગી. નોકર રડતી વહુને લઈને જે રસ્તે પસાર થતો હતો ત્યાં શ્રી ગુસાઈજીનો મુકામ હતો. શ્રી ગુસાઈજીએ લોકોની ભીડ જોઈ સમગ્ર હકીકત જાણી બાદશાહને કહેવડાવ્યું. પછી બે પાંજરા મંગાવી ખુલ્લા મેદાનમાં રાખ્યા. એકમાં વહુ અને બીજામાં નોકરને બેસાડ્યા અને આખી રાત કોઈપણ પાંજરા પાસે ના આવે તેવી વ્યવસ્થા કરાવી અને બંનેને ખબર નહીં પડે તે રીતે એક ગુપ્તચરને બેસાડ્યા. વહુએ નોકરને કહ્યું હું તારી જ છું પણ હું તને જાણતી નથી એટલે તારા પરાક્રમ વિશે વાત કર. નોકરે વહુને મેળવવા કરેલી ચાલબાજી જણાવી દીધી અને આ વિગતો બહાર ગુપ્તચરે જાણી લીધી. ત્યારબાદ સાચી હકીકતની જાણ શ્રી ગુસાઈજીએ અકબરને જણાવી ત્યારે બાદશાહે વહુને તેના સાસરે મોકલી આપી અને નોકરને જન્મકેદની સજા કરી. ત્યારથી શ્રી ગુંસાઈજીને ન્યાયાધીશ તરીકેની ઉપમા મળી એટલે અહીંની બેઠકજી ન્યાયની બેઠકજી તરીકે કહેવાય છે.

### શ્રી ગુસાઈજી મહારાજના જન્મદિન પર જલેબી ઉત્સવ ઉજવાય છે

શ્રી ગોસાઈજી મંદિરના હાલના મુખિયાજી ભરતભાઈ જોશીએ જણાવ્યું કે, શ્રી ગુસાઈજી મહારાજની આ બેઠકજીમાં દર વર્ષે ગુસાઈજી મહારાજના જન્મદિન પર મોટો મનોરથ થાય છે. પાટોત્સવમાં ઉપવાસમાં ખાઈ શકાય તેવી બટાકાની જલેબી બનાવીને ધરાવાય છે. દર વર્ષે શ્રાવણમાં નાના ઠાકુરજીને હિંડોળા આપવામાં આવે છે. અધિક માસમાં પણ મોટા મનોરથ થાય. દિવાળીના બીજા દિવસે બેસતા વર્ષના દિવસે અન્નકૂટનો મનોરથમાં છપ્પન ભોગ હોય.



## અશ્વનીકુમાર ઘાટ પર શ્રીમહાપ્રભુજીની 53મી બેઠક છે

જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ શ્રીકૃષ્ણની ભક્તિ માટે સુંદર અને સરળ સંપ્રદાય સ્થાપ્યો, જે પુષ્ટિમાર્ગના નામે ઓળખાય છે. પુષ્ટિમાર્ગના આરાધ્ય દેવ શ્રીનાથજી છે. શ્રીમહાપ્રભુજીએ પોતાના વિચારો તથા ભક્તિના માર્ગને સંસારમાં પ્રસારિત કરવા ત્રણ વખત ભારત ભ્રમણ કરી 84 સ્થળો પર સાત દિવસથી વધુ સમય બિરાજી ભાગવતજી પારાયણ કર્યું. આ 84 સ્થળો શ્રીમહાપ્રભુજીની બેઠકજી કહેવાય છે. વર્ષ 1490થી 1492 વચ્ચે તેઓ સુરત આવ્યા હતા અને કતારગામ અશ્વનીકુમાર ઘાટ પર બિરાજી ભાગવદનું પારાયણ કર્યું. તેમની આ બેઠકજી 53મી બેઠકજી છે. આ બેઠકજીને 520 વર્ષથી વધુનો સમય થયો હોવાનું કહેવાય છે. આ સ્થળ વૈષ્ણવ સંપ્રદાય માટે ખૂબ જ પવિત્ર અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. અહીં શ્રાવણમાં 30 દિવસ હિંડોળા હોય. ફૂલ, ફળ, શાકભાજી, સુકામેવા, મોતી, જરી, કાચ, પવિત્રા સહિત વિવિધ વસ્તુઓથી હિંડોળા તૈયાર કરવામાં આવે છે અને ઠાકોરજીને બિરાજમાન કરી ભાવપૂર્વક ઝુલાવાય છે. જન્માષ્ટમીના દિવસે રાત્રે 12 વાગે પંચામૃતના દર્શન થાય છે અને સવારે નંદમહોત્સવ ઉજવવામાં આવે છે. પછી દૂધ, દહીં સહિતના મિશ્રણ ભક્તો પર ઉડાવાય છે પછી સક્કરપારા, બુંદી, લાડુ, કોપરાપાક ઠાકોરજીની સન્મુખ ભક્તો પર ઉડાવાય છે અને ત્યારબાદ દૂધ, દહીંની હાંડી ફોડવામાં આવે છે. દેશભરના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો સુરત પ્રવાસે આવે ત્યારે અહીં ઝારીજી ભરવા અને દર્શન કરવા ખાસ પધારે છે.

## ઠાકોરજીના છઠ્ઠા સ્વરૂપ શ્રી બાલકૃષ્ણલાલજીના દર્શન દુરબીનથી થાય



ઠાકોરજીના સાત સ્વરૂપમાં તેમનું છઠ્ઠું સ્વરૂપ શ્રી બાલકૃષ્ણલાલજી સુરતમાં ૩૮૦ વર્ષથી મોટા મંદિરમાં બિરાજમાન છે. આ સ્વરૂપ નાનું છે તેમના શણગાર સાથેના દર્શન કરવા હોય તો દુરબીનથી કરવા પડે તો જ યોગ્ય દર્શન થાય. શ્રી ગુસાઈજીના છઠ્ઠા પુત્ર શ્રી યદુનાથજીના વંશજો અહીં આ સ્વરૂપની સેવા કરે છે. નિત્ય દર્શનમાં મંગળાના, શૃંગારના, પલ્લાના, રાજભોગના, ઉત્થાપનના, ભોગ આરતીના અને છેલ્લે શયનના દર્શન થાય. આ દર્શન દુરબીનથી થઈ શકે છે. જન્માષ્ટમીના દિવસે રાત્રે 12.30 વાગે પંચામૃતના દર્શન ખુલે. સવારે 6 વાગ્યાથી નંદ મહોત્સવ થાય. સુરતમાં આ મંદિર પુષ્ટિમાર્ગનું મુખ્ય મંદિર છે.



### શ્રી મહાપ્રભુજીની ભાગવત કથા દરમિયાન તાપી માતાએ સ્ત્રી સ્વરૂપે આવી પંખાની સેવા આપી હતી

શ્રીમદ્ વલ્લભાચાર્ય (મહાપ્રભુજી) ઈ.સ. 1490થી ઈ.સ. 1492 વચ્ચે સુરત પધાર્યા હતાં અને તાપી નદી કિનારે બિરાજી ભાગવત કથાનું રસપાન કરાવતા હતા ત્યારે તે કથાનું શ્રવણ કરવા સ્વયં તાપી માતા સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરી આવતા અને પંખાની સેવા કરતા. શ્રી મહાપ્રભુજીએ જે ઝાડની નીચે બેસીને ભાગવત કથાનું રસપાન વૈષ્ણવોને કરાવ્યું હતું તે વડનું ઝાડ હજી પણ અહીં અસ્તિત્વ ધરાવે છે. જે આ સ્થળની પ્રાચીનતાની સાક્ષી પુરાવતું હોવાનું કહેવાય છે.

---

# ઘરમાં બાળ કૃષ્ણની અનોખી દુનિયા, વિવિધ સ્વરૂપની મૂર્તિઓનો અનોખો સંગ્રહ







મોજીલા સુરતીઓ અનોખા શોખ પણ ધરાવે છે. શહેરના આર્કિટેકટ જીગ્નેશભાઈ ઠક્કરને શ્રીકૃષ્ણ પ્રત્યે બાળપણથી સંમોહન છે. તેમની શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ જોવી હોય તો એકવાર તમે એમના ઘરની મુલાકાત લેજો. તેમની પાસે શ્રીકૃષ્ણની બાળ સ્વરૂપની મૂર્તિઓનો ખજાનો છે. કાન્હાની નાની આકર્ષક મૂર્તિઓ તેમના ઘરના માહોલને ભક્તિમય બનાવે છે. તેઓ વૈષ્ણવ સંમપ્રદાયના છે. શ્રીકૃષ્ણ વિષ્ણુનું જ સ્વરૂપ છે એટલે તેઓ છેલ્લાં 25 વર્ષથી સુંદર કલાત્મક એન્ટિક મૂર્તિઓ અલગ અલગ જગ્યાઓ પરથી ભેગી કરવાનો શોખ ધરાવે છે. વિવિધ ધાતુની અડધોથી લઈ ને 5 ઈંચ સુધીની મૂર્તિઓનો ખજાનો તેમના ઘરમાં જોવા મળશે. ચાલો આપણે જીજ્ઞેશભાઈને મળીએ અને જાણીએ કે શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ તેમને કાન્હાની બાલ સ્વરૂપની મૂર્તિઓથી લઈને વિવિધ સ્વરૂપની મૂર્તિઓના કલેકશન તરફ કઈ રીતે ખેંચી ગઈ...

### અંગૂઠો ચૂસતા કાન્હાની મૂર્તિ હવે મળવી દુર્લભ છે

જ્યારે કાન્હાનો જન્મ થયો અને વાસુદેવ તેમને ટોપલીમાં બેસાડી યમુના નદી પાર કરતા હતા ત્યારે કાન્હા તેમના પગનો અંગુઠો ચૂસતા હતાં, આવી મૂર્તિ મળવી હવે મુશ્કેલ છે. આવી એન્ટિક મૂર્તિ ઉપરાંત જીગ્નેશભાઈ પાસે મહારાષ્ટ્રના વારકરી સંપ્રદાય જેમની ભક્તિ કરે છે તે શ્રીહરિ વિઠઠલ અને તેમની પત્ની રૂખમાબાઈની સુંદર મૂર્તિ પણ છે. શ્રીહરિ વિઠઠલની સિસમના લાકડાની મૂર્તિ પણ લોકોનું ધ્યાન ખેંચે તેવી છે. આ 70-80 વર્ષ જૂની મૂર્તિ અત્યારે પણ એ જ સ્વરૂપમાં છે. લાકડું સિસમનું હોવાથી તેને જરા સરખું પણ આટલા વર્ષોમાં નુકસાન થયું હોય તેવું દેખાશે નહીં.

### ૭૦થી ૯૦ વર્ષ જૂની વિવિધ ધાતુની વિવિધ સ્વરૂપની મૂર્તિઓ



જીજ્ઞેશભાઈ ઠક્કર અને તેમના પત્ની શિવાનીબેનને ખાસ તો શ્રીકૃષ્ણની બાળ સ્વરૂપની મૂર્તિઓના સંગ્રહનો શોખ છે. તેમણે જણાવ્યું કે, મારી પાસે તાંબા, કાંસા, પિત્તળ, સીસમના લાકડાની, સિલ્વર, પોર્સિલિનની નાની મૂર્તિઓ છે. લડુ ગોપાલ, બાળ ગોપાલ, ઘૂંટણિયે ચાલતા (ભાખોડીયા ભરતા), કાળી નાગનું દમણ કરતા, એક પગ પર નૃત્ય કરતા, શ્રી હરિ વિઠ્ઠલ સ્વરૂપના કૃષ્ણની મૂર્તિઓ મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, ઉડીસા, દક્ષિણ ભારતમાંથી મેળવી છે. નાગ દમણની બે મૂર્તિઓ છે. તેઓ 25 વર્ષથી શ્રીકૃષ્ણની નાની મૂર્તિઓ જ્યાં જ્યાં ફરવા જાય ત્યાંથી મેળવે છે. ઘરમાં નાનું મંદિર છે તેમાં બિરાજેલા શ્રીકૃષ્ણની મૂર્તિ પણ 80 વર્ષ કરતા પણ વધુ જૂની છે.



### ડોકરા (ટ્રાઇબલ) આર્ટની જશોદા અને કાન્હાની મૂર્તિ છે આકર્ષક

એક સમયે ટ્રાઈબલ મૂર્તિ કળા બહુ પ્રચલિત હતી અને તે સોળે કળા ખીલી ઉઠી હતી. પછી તો આ કળા અને તેના કારીગરોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. જોકે, તે બચી ગઈ હતી. કબીલાઓ દ્વારા તેને બચાવાઈ હતી. તેઓ કલ્પના શક્તિ પ્રમાણે મૂર્તિઓ બનાવતા હતા. તેઓ કલ્પના કરતા કઈ રીતે કાન્હા ઘૂંટણિયે ચાલતા હશે અને તેને પોતાની કળા પ્રમાણે મૂર્તિનું સ્વરૂપ આપતા. આવી જ જશોદા અને કાન્હાની એક મૂર્તિ જીજ્ઞેશભાઈના મૂર્તિ કલેક્શનમાં ધ્યાનાકર્ષક છે. જશોદા માતાની કેડમાં કાન્હા છે અને તેઓ કાન્હાને રમાડી રહ્યા છે. કાન્હાના હાથમાં મુરલી છે. આ કાંસાની મૂર્તિ તેમણે ઉત્તર ભારતમાંથી મેળવી હતી જે હવે મળવી દુર્લભ છે.



### શ્રી વિઠ્ઠલ સ્વરૂપની સિલ્વરની મૂર્તિ છે ૮૦ વર્ષ જૂની

9 ઈંચની સિલ્વરની મૂર્તિ પણ ખૂબ આકર્ષક છે. આ શ્રી વિઠઠલ સ્વરૂપની મૂર્તિ નાસિકના જુના જવેલર્સ પાસેથી મેળવી હતી. તેમાં પ્યોર ચાંદી છે અને 0.1% ગોલ્ડ છે. બીબા સ્વરૂપમાં બનાવવામાં આવેલી આ મૂર્તિને એકવાર જોઈએ તો વારંવાર તેને જોવાનું મન થાય અને તેના પરથી ધ્યાન હટે પણ નહીં એટલી સંમોહક મૂર્તિ છે.

### શ્રીકૃષ્ણના ભ્રાતા બલરામ અને રાધાની પણ એન્ટિક મૂર્તિઓ



ઘણા લોકો પાસે વિવિધ પ્રકારની મૂર્તિઓનો સંગ્રહ હશે પણ તેમાં મોટાભાગના લોકો પાસે શ્રીકૃષ્ણના ભાઈ બલરામ જેમને બલભદ્ર પણ કહેતા તેમની મૂર્તિ નહીં હોય. જોકે, જીજ્ઞેશભાઈ પાસે બલરામની 80-90 વર્ષ જૂની બલરામની અનોખી મૂર્તિ છે. તેમણે આ મૂર્તિ મથુરામાંથી મેળવી છે. મથુરામા બલભદ્ર બહુ પૂજાય છે. તેમને હલધર પણ કહેવાય છે. હળ તેમનું પ્રતીક માનવામાં આવે છે. રાધાજીની મૂર્તિ પણ છે જે બંગાળ રિઝનની કલા કારીગરીવાળી મૂર્તિ છે.

### જાપાનની કૃષ્ણની ૯૦ વર્ષ જૂની પોર્સિલિનની મૂર્તિ



જીગ્નેશભાઈના મૂર્તિ કલેક્શનમાં એક ૯ ઈંચ જેટલી મૂર્તિ ધ્યાનાકર્ષક છે. આ મૂર્તિ જાપાનમાં પોર્સેલિનની બનાવવામાં આવેલી જે વર્ષો પહેલા રમકડાના સ્વરૂપમાં ભારતમાં આવતી. એમના વડીલો દ્વારા આ મૂર્તિ ઘરમાં લાવવામાં આવી હતી જે ઊભા સ્વરૂપમાં છે અને શ્રીકૃષ્ણ મુરલી વગાડી રહ્યા છે.